# મોરબી જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય

મૂળ પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામઃ– **શ્રી જીતેન્દ્ર કાંતીલાલ સોમાણી (જીતુ સોમાણી)**

તેમનો મત વિસ્તારઃ– **(વાંકાનેર)**

## અગ્રતા ક્રમ – ૩

**પ્રશ્નઃ– ૧** તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મોરબી જિલ્લામાં સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી અરજીઓ મળી, કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી રકમ સહાય આપવામાં આવી

**પ્રશ્નઃ–૨** સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ મોરબી જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજી મળી, કેટલી અરજી મંજુર કરી, કેટલી અરજી નામંજુર કરી અને કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવી?

**પ્રશ્નઃ–૩** સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય યોજનાનો મુખ્ય હેતુ શું છે, આ યોજનાના પાત્રતાના માપદંડો શા છે ?

પ્રશ્ન- (૧) :- તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મોરબી જિલ્લામાં સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી અરજીઓ મળી, કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી રકમ સહાય આપવામાં આવી?

**જવાબઃ- માન. અધ્યક્ષશ્રી,**

- તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મોરબી જિલ્લામાં સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૧૮૨ અરજીઓ મળી, ૧૮૨ અરજીઓ મંજુર કરવામાં આવી, અને
- તે પેંટે ૯ લાખ ૧૦ હજારની સહાય આપવામાં આવી.

મુખ્ય પેજ પર જવા માટે

પ્રશ્ન– (૨) સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ મોરબી જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજી મળી, કેટલી અરજી મંજુર કરી, કેટલી અરજી નામંજુર કરી અને કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવી?

જવાબઃ– માન. અધ્યક્ષશ્રી, તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | તે પૈકી મંજુર કરેલ અરજી | મંજુર પૈકી ચુકવેલ સહાય | | ના મંજુર કરેલ અરજી |
|---|---|---|---|---|---|---|
| | | | | લાભાર્થી સંખ્યા | રકમ (રૂ.લાખમાં) | |
| ૧ | મોરબી | ૮૫ | ૮૫ | ૮૫ | ૪.૨૫ | ૦૦ |
| ૨ | હળવદ | ૪૫ | ૪૫ | ૪૫ | ૨.૨૫ | ૦૦ |
| ૩ | વાંકાનેર | ૩૬ | ૩૬ | ૩૬ | ૧.૮૦ | ૦૦ |
| ૪ | ટંકારા | ૧૨ | ૧૨ | ૧૨ | ૦.૬૦ | ૦૦ |
| ૫ | માળીયા મીયાણા | ૦૪ | ૦૪ | ૦૪ | ૦.૨૦ | ૦૦ |
| **કુલ** | | **૧૮૨** | **૧૮૨** | **૧૮૨** | **૯.૧૦** | **૦૦** |

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન– (૩) :– સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય યોજનાનો મુખ્ય હેતુ શું છે, આ યોજનાના પાત્રતાના માપદંડો શા છે ?**

- **જવાબઃ– માન. અધ્યક્ષશ્રી,**

➢ સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય યોજનાનો મુખ્ય હેતુ : અનુસૂચિત જાતિના લોકોની નબળી આર્થિક પરિસ્થિતિના મૃત્યુ પ્રસંગે મૃતકના પાર્થિવદેહની અંત્યેષ્ટિ માટે / મરણોત્તરક્રિયા માટે અર્થાત કફન – કાઠિના ખર્ચને પહોંચી વળવા માટે નાણાંકીય સહાય આપવામાં આવે છે.

**સહાય મેળવવાની પાત્રતાના ધોરણો**

➢ અરજદારશ્રી અનુસૂચિત જાતિના હોવા જોઈએ.

➢ તા.૦૨–૧૧–૨૦૨૨થી આવક મર્યાદામાં વધારો કરી ગ્રામ્ય / શહેરી વિસ્તાર માટે રૂા.૬,૦૦,૦૦૦ કરવામાં આવેલ છે.

➢ અરજદારશ્રીએ કુટુંબના સભ્યના મરણ પ્રસંગે મૃત્યુના છ માસની સમયમર્યાદામાં અરજી કરવાની રહેશે.

➢ અવસાન પામેલ વ્યક્તિનું મૃત્યુ અંગેનું "મરણ પ્રમાણપત્ર" રજૂ કરવાનું રહેશે.

**મુખ્ય પેજ પર જવા માટે**